# મહેંદી અને કેશ ગુંમ્ફન સ્પર્ધા

તા.27/07/2026 સોમવાર

પ્રસ્તાવના:-આપણી ભારતીય સંસ્કૃતિમાં કલા અને સૌદર્યનું હંમેશા આગવું સ્થાન રહ્યું છે.તહેવારો,લગ્નપ્રસંગો કે કોઈપણ શુભ અવસરે મહેદી મુકવી અને આકર્ષક હેર સ્ટાઈલ બનાવવી એ આપણી પરંપરા અને ફેશનનો એક અભિન્ન ભાગ છે.આ આધુનિક યુગમાં આ બંને કલાઓ માત્ર શણગાર પુરતી મર્યાદિત નથી રહી,પરંતુ એક પ્રોફેશનલ કરિયર તરીકે પણ ઊભરી આવી છે.શાળામાં આ હેર સ્ટાઈલ અને મહેદી સ્પર્ધા સર્જનાત્મકતાને અભિવ્યક્ત કરવાનું એક સુંદર માધ્યમ છે.આ સ્પર્ધા સહભાગીઓને પોતાની અંદર છુપાયેલી કલાને લોકો સમક્ષ લાવવાની એક સુવર્ણ તક પૂરી પાડે છે.તેથી ઓકેસી સંકુલમાં કિસાન માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં તા.27/07/2026 ને સોમવાર નાં રોજ મહેંદી અને કેશ ગુંમ્ફન સપર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં વિધાર્થીનીઓએ ભાગ લીધો હતો.

મુખ્ય હેતુ:-

કલાને પ્રોત્સાહન :વિધાર્થીનીઓમાં રહેલી મહેંદી અને હેર સ્ટાઈલ કેશ ગુંમ્ફનની કલાને ઓળખીને તેને યોગ્ય મંચ પૂરો પાડવો.

સર્જનાત્મકતાનો વિકાસ :સ્પર્ધકો નવીનતમ ડીઝાઈન ,ટ્રેન્ડસ અને આધુનિક શૈલીઓનો ઉપયોગ કરીને પોતાની કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતાનો વિકાસ કરી શકે.

આત્મવિશ્વાસમાં વધારો :નિર્ણાયકો સામે પોતાની કલા પ્રદર્શિત કરવાથી સ્પર્ધકોનો આત્મવિશ્વાસ અને સ્ટેજ ફિયર દુર થાય છે.

રોજગારલક્ષી કૌશલ્ય: આ સ્પર્ધા દ્વારા કલાકારોને ભવિષ્યમાં બ્યુટી પાર્લર અથવા ફ્રીલાન્સ આર્ટીસ્ટ(સ્વતંત્ર કલાકાર)તરીકે આત્મનિર્ભર બનવાની પ્રેરણા મળે છે.

નિષ્કર્ષ:- કેશ ગુંમ્ફન અને મહેંદી હરીફાઈ એ માત્ર એક મનોરંજન કે હરીફાઈ નથી,પરંતુ કલા અને કૌશલ્યનો અનોખો સંગમ છે.આ સ્પર્ધાના સફળ આયોજનથી સ્પર્ધકોને ઘણું નવું શીખવા મળે છે અને દરેક સ્પર્ધકો માટે બહુમુલ્ય અનુભવ બની રહે છે.આ હરીફાઈ સમાજમાં કલા પ્રત્યે આદર અને નવી પ્રતિભાઓને પ્રોત્સાહન આપવા માટે પ્રથમ,દ્રિતિય અને તૃતીય એમ ત્રણ નંબરો આપવામાં આવે છે .વિજેતા વિધાર્થીનીઓને શાળાના આચાર્ય તેમજ શિક્ષકગણ દ્વારા ખુબ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ હતી.

વિજેતા વિધાર્થીઓના નામ :-

મહેંદી સ્પર્ધા નંબર :

પ્રથમ:મકવાણા રીયા(9 બ)

દ્રિતિય:ખાંટ આર્યા ભરતભાઈ(10 બ)

તૃતીય:સોલંકી માનસી જયંતીભાઈ (11બ)

હેર સ્ટાઈલ સ્પર્ધા નંબર :-

પ્રથમ:મુનિયા તીક્ષા નૈલેશકુમાર(9 બ)

દ્રિતિય:પ્રજાપતિ માધવી (9 બ)

તૃતીય:મકવાણા પલક (9 બ)




કિસાન માધ્યમિક
આપનું હાર્દિક સ્વાગત કરે છે.
First
Second
Third

